# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૭/૧૧/૨૦૧૭ થી તા.03/૧૨/૨૦૧૭

## પ્રેસનોટ- ૧

આજરોજ આગામી વિધાનસભા ચુટણી ૨૦૧૭ અનુલક્ષી મે.પોલીસ અધિક્ષક સા અ.રૂ તથા મે.અધિક પોલીસ અધિક્ષક સા ધોળકા વિભાગ ધોળકા નાઓની સુચના મુજબ પો.સ્ટે વીસ્તારમાં પ્રોહી જુગારની રેઇડ કરવા સુચન કરેલ હોય અને ખાનગી બાતમી મળેલ છે કે રોહિકા ગામે રહેતા જીતુભાઇ સાગરભાઇ કો.પ નાઓ પોતાના ઘર આગળ આંગણામાં ખુલ્લામાં માણસો ભેગાં કરી પત્તા પાના પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમી રમાડે છે જે બાતમી હકિકત આધારે અમો ડી.જી.ગોહિલ પો.સ.ઇ બગોદરા તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સદર જગ્યાએ રેઇડ કરી પત્તા પાના પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા ઇસમોને પકડી પાડી કુલ રોકમ મુદામાલ કી.રૂ.૩૬,૮૧૦/- નો પકડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.



## પ્રેસનોટ- ૨

**રામપુરા ત્રણ રસ્તા પાસેથી રૂ.૪૩,000/- ના બીયર ટીન સાથે ઇકો ગાડી ઝડપી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય**

આગામી વિધાનસભાની ચુંટણી અન્વયે જીલ્લામાં ચુંટણી શાંતીપુર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સબંધે જીલ્લામાં દેશી તથા વિદેશી દારૂની પ્રવૃતી નેસ્ત નાબુદ થાય તે અંગે કડક હાથે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.ઇન્સ. શ્રી ડી.ડી.સોઢા તથા પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એન.એ.રાયમા નાઓને સુચના તથા

માર્ગદર્શન આપેલ જે આધારે એસ.ઓ.જી. શાખાના કર્મચારીઓ દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચુંટણી અનુસંધાને નાઇટ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, દેત્રોજ તરફથી એક ઇકો ગાડી નંબર જી.જે.૦૧ આર.બી. ૪૭૯૩ માં પરપ્રાંતનો વિદેશી દારૂનો જથ્થો લઇ વિરમગામ તરફ જનાર છે જે હકીકત આધારે રામપુરા ત્રણ રસ્તા પાસે વોચમાં હતાં દરમ્યાન ઉપરોક્ત હકીકત વાળી ઇકો ગાડી દેત્રોજ તરફથી આવતાં તેને ઉભી રાખવા ઇશારો કરતાં ઉભી રહેલ નહિ અને રામપુરા તરફ ભાગેલ જેથી તેનો સરકારી વાહનથી પીછો કરતાં વાહન ચાલક પોતાની ઇકો ગાડી થોડે દુર રોડ ઉપર મુકી ભાગી ગયેલ સદર ઇકો ગાડીમાં તપાસ કરતાં હેવર્ડ ૫૦૦૦ સ્ટ્રોંગ બીયર ટીન ૫૦૦ મી.લી.ના બીયર ટીન – ૨૧૫ કિ.રૂ.૪૩,૦૦૦/- તથા ઇકો ગાડીની કિ.રૂ.૧,૫૦,૦૦૦/- ની મળી કુલ મુદામાલ કિ.રૂ.૧,૯૩,૦૦૦/- નો મુદામાલ મળી આવેલ અને આરોપી ઇકો ગાડીનો ચાલક ડ્રાઇવર નાસી ગયેલ ઉપરોક્ત બાબતે દેત્રોજ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૨૫૦/૨૦૧૭ પ્રોહી એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬(૧)બી, ૯૮(૨) મુજબ ગુન્હો રજી. કરાવવામાં આવેલ છે. અને આરોપી પકડવા એસ.ઓ.જી. શાખા દ્વારા ચક્રો ગતીમાન કરેલ છે.

| | |
|---|---|
| આરોપી :- | ઇકો ગાડી નંબર જી.જે.૦૧ આર.બી. ૪૭૯૩ નો ચાલક |
| પકડાયેલ મુદામાલ :- | હેવર્ડ સ્ટ્રોગ બીયર ટીન ૨૧૫ નંગ કિ.રૂ- ૪૩,૦૦૦/-<br>ઇકો ગાડી નંબર જી.જે.૦૧ આર.બી. ૪૭૯૩ કિ.રૂ.૧,૫૦,૦૦૦/- |






# પ્રેસનોટ- ૩

આગામી વિધાન સભા ચૂટણી નીપક્ષ અને ભય મુકત વાતાવરણમાં યોજાય તે હેતુસર જીલ્લા પોલીસ વડા શ્રી આર વી અસારી સાહેબ શ્રીએ ખાસ એકસન પ્લાન બનાવી તાબાના આધિ કારીશ્રીઓને પરીણામ લક્ષી કામગીરી કરવા ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી. પો.ઇન્સ શ્રી. ડી.ડી. સોઢા સાહેબ શ્રી ની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ શ્રી. એ.સી. ગોહીલ અને એલ સી.બી. ટીમે  પો.કો ખુમાનસીહ ની બાતમી આધારે દેત્રોજ પો.સ્ટે. હદના રૂદાતલ ગામની સીમના આરોપી અનોપ સીહ ઉફ ભૂટો અભેસીગ ઝાલા નાએ પોતાના કબ્જા ભોગવટાવાળા એરડાના વાવેતર વાળા ખેતરમાં જમીનમાં ખાડો કરી સંતાડેલ પરપ્રાંતીય દારૂ તથા બીયરના ટીન કી રૂ. ૧,૮0,000/ - નો ભારે જહેમતથી શોધી કાઢેલ છે. જેમાં ૭૫0 મીલીની બોટલ નંગ-૧૪૪ , ૧૮0 મીલી બોટલ નંગ-૧૧૭૨ , બીયર ટીન પર કુલ પેટી- ૩૮ નો સમાવેશ થાય છે આ કામગીરીમાં પો.સ.ઇ શ્રી.એ.સી ગોહીલ Asi કરણ સીહ પો.કો ખુમાન સિહ , પોકો  સાદિકભાઈ , પોકો પ્રાગ રાજસિહ પો.કો ધનશ્યામ ભાઇ , પો. કો ધનશામ સિહ , પો.કો. ભરત સિહ , પો.કો અજ્ય સિહ , પો.કો અજીત સીહ  તથા પો.કો પૃથ્વીિસંહ જોડાયેલા



આમ અમદાવાદ એલ.સી.બી.,એસ.ઓ.જી તથા બગોદરા પોલીસ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ રૂરલ અમદાવાદ